ગીચ વન છે, ઝાડ છે ને ઝાંખરા છે,
ક્યાં સુધી માટીપગાને જાતરા છે?

હાથમાં નક્શા લઈ શોધ્યા કરું છું,
આટલામાં ક્યાંય છાનાં ભોંયરા છે?

કોટ કિલ્લા તો પડી પાધર થયા છે,
આ તને દેખાય એ ક્યાં કાંગરા છે?

ધૂંધવાતી આગ ઘરના લાકડામાં,
ચાર ભીંતોમાં બધાયે બહાવરા છે.

જોઈને ઇર્શાદ તું રાજી થતો, પણ,
ક્યાંય ના પ્હોંચાડતા આ દાદરા છે.

*25/11/1991*

જળની વચ્ચે જગા કરીને પાંપણના પડછાયા,
સડક ઉપરના સપનાં માફક ટોળામાં ઘેરાયાં,
સાજણ શું કરીએ બોલો ને!

કોરે કાગળ લખવા બેઠાં આંસુનાં વૃત્તાંત,
કાલ સુધીની ઉભડક વાણી, પડવા માંડી શાંત,
સાજણ, શું કરીએ બોલો ને!

ગોળ-ગોળને ચકર-ચકર આ ફરનારા ચગડોળ,
ફેર-ફુદરડી ફરવા માંડે, જાણ મારી ઉંમર સોળ,
સાજણ, શું કરીએ બોલો ને!

એક અરીસો ફરતો-ફરતો મને ઝીલવા માંડે,
જીવ જરા શરમાઈ જઈને શરીરને આ છાંડે,
સાજણ, શું કરીએ બોલો ને!

*03/05/1993*

# રાત છે

સંશયોની હોય તો પણ રાત છે,
સૂર્ય આખેઆખો ત્યાં બાકાત છે.

આંસુનો ક્યાંથી ભરોસો રાખશો?
જળ સ્વભાવે સાવ ચંચળ જાત છે.

પુષ્પ પર ઓસને પંપાળતી,
આ હવા ક્યારેક ઝંઝાવાત છે.

દર્દ તો કોઠે પડેલું છે મને,
કોઈ પણ ક્યાં વાતનો આઘાત છે?

પંખીઓને આપશ્રી ચણ નાંખશો?
કૈં નથી એ અન્ય માત્ર ચંચૂપાત છે.

*22/02/1995*

# દે

ત્વચામાં ગરમ સ્પર્શ ફરવા તો દે
ભર્યો ઘૂંટ નીચે ઊતરવા તો દે.

નમી જાય આંખો, ધસે લાલી ગાલે,
મને દૃશ્ય મનમાં આ ભરવા તો દે.

સુગંધી, સુગંધી, સુગંધી બધે,
ખીલ્યું પુષ્પ આખું પમરવા તો દે.

અડાબીડ જંગલની માદક હવા,
ભલે લડથશે, ડગ બે ભરવા તો દે.

હતો માત્ર આવેશ કે અન્ય કૈં?
તરત કૈં ન કહે, એને કરવા તો દે.

મુલાયમ નરમ એક પીંછું ફૂટે,
ગગનને કશું વ્યક્ત કરવા તો દે.

સમય બોલશે સર્વેક્ષણ બાબતે,
પ્રથમ ક્ષણને 'ઇર્શાદ' સરવા તો દે.

*28/03/1995*

# આઘી ન ખસ

આમ બદલી શ્વાસ તું આઘી ન ખસ,
ભીડ વચ્ચે ખાસ તું આઘી ન ખસ.

એકલો પડતાં ધજા જેવું ધ્રૂજું,
છે હવા ચોપાસ, તું આઘી ન ખસ.

મોતનો લીલોતરો ડંખી ગયો,
કાળું પડતું ઘાસ, તું આઘી ન ખસ.

સ્વર્ગ સમજીને ઉઘાડ્યા દ્વાર તો,
સાંજનો અજવાસ; તું આઘી ન ખસ.

તું હવે 'ઇર્શાદ'ના મનની ત્વચા,
તું જ છે લેબાસ; તું આઘી ન ખસ.

*13/04/1995*

# શું કરશો?

ફરફરે પ્હાડ ત્યારે શું કરશો?
આંખ મીંચી તમે મનમાં ડરશો?

ક્યાંય જળનું જણાતું ના ટીપું,
આ બધાં વાદળોમાં શું ભરશો?

કૈંક બારીઓ ખોલતાં ખૂલે,
દૃશ્યની ભીખ માગતાં ફરશો?

થાય અજવાસની જરી અમથે,
બૂઝવી નાંખશો કે આંતરશો?

માત્ર 'ઇર્શાદ' એ કરી શકશે,
ઘાવને આપ ક્યાંથી છાવરશો?

*27/04/1995*

# ઇસ્કોતરો

ત્રોફવો મુશ્કેલ છે ઇસ્કોતરો,
છોડવો મુશ્કેલ છે ઇસ્કોતરો.

આ સમજદારી તો સાચવવી પડે,
શોધવો મુશ્કેલ છે ઇસ્કોતરો.

એ સમય સાથે વધી ભારે થતો,
જોખવો મુશ્કેલ છે ઇસ્કોતરો.

સાવ અંતર્ધાન છે એ ભોંયમાં,
ખોદવો મુશ્કેલ છે ઇસ્કોતરો.

લાગણી 'ઇર્શાદ' ખોવાયા પછી,
ખોલવો મુશ્કેલ છે ઇસ્કોતરો.

*28/04/1995*

# રાત છે!

ક્યાં કશું જોવું પડે છે? રાત છે,
એકસરખાં સૌ નડે છે; રાત છે.

પાંપણો પર આવીને પાછું પડે,
અશ્રુ પણ આવી ચડે છે, રાત છે.

મ્યાનમાં તારી ઉદાસી રાખ તું
જ્યાં અને ત્યાં આથડે છે, રાત છે.

સિંહના આસન ઉપર કેવળ સમય,
એ સગા હાથે ઘડે છે, રાત છે.

ક્યાંક તો 'ઇર્શાદ' એ નક્કી હશે,
પણ, પગેરું ક્યાં જડે છે? રાત છે.

*17/05/1995*

# શાંત

જનમવાની ઇચ્છા હતી, શાંત પડતી;
ધબકવાની ઇચ્છા હતી, શાંત પડતી.

દિશાઓ બની જાય ભીંતો તો બથમાં,
જકડવાની ઇચ્છા હતી; શાંત પડતી.

જગત પર બગીચા હવે ક્યાં? કળીને,
ઊઘડવાની ઇચ્છા હતી; શાંત પડતી.

ચઢું વાદળો જેમ આકાશમાં, હું,
વરસવાની ઇચ્છા હતી; શાંત પડતી.

બરફ જેમ 'ઇર્શાદ' થીજી ગયો, પણ,
પિગળવાની ઇચ્છા હતી; શાંત પડતી.

*22/05/1995*

ઝાંખી ઝાંખી બળે છે જ્યોત હવે,
તું તને ના જડે તો ગોત હવે.

તું મનોમન ન આપ સંદેશા,
મનનું પ્રગટી ચૂક્યું છે પોત હવે.

સૌ દિશાઓમાં સંચરી જોયું,
સૌ દિશામાં ફરે છે મોત હવે.

માંડ ઉકલ્યો છે તારો સંદેશો,
લાવો, લાવો, કલમ ને દોત હવે.

હાથ 'ઇર્શાદ' ના થયા ગાયબ,
પાંખ કાપ્યું હતું કપોત હવે.

*06/06/1995*

# બેઠો છું

જળની વચ્ચે હરીફરીને બેઠો છું,
કાગળ છું ને હવા તરીને બેઠો છું.

સપનાંઓ સરનામાં શોધી આવી પ્હોંચ્યાં,
બંને મીંચી આંખ, ડરીને બેઠો છું.

સાત અશ્વ! રણઝણતો રથ લઈને પ્હોંચ્યો,
હવે ખોળિયું ખાલી કરીને બેઠો છું.

ધક્કો મારી ધુમ્મસને ખેસવશું ક્યાંથી?
હાથ ઉપર હાથ ધરીને બેઠો છું.

ખાલીખમ 'ઇર્શાદ' હતું મન મારું તે,
તારાઓની સભા ભરીને બેઠો છું.

*25/12/1995*

શ્વાસની ઇચ્છા જરા ટૂંકાવજે,
આમ અજરામર થવાનું ટાળજે.

વ્હાણને સહકાર વાયુનો મળે,
પણ, હલેસું હાથમાં તું રાખજે.

વૃક્ષની છાયા નીચે બેસી ન પડ,
તું ક્ષણોની જેમ કાયમ ચાલજે.

ઓરડાની મધ્યમાં ઊભા રહી,
સૌ ખૂણાની શૂન્યતા સ્વીકારજે.

ક્યાં કશું ઇર્શાદ માંગે છે કદી,
હા, અચાનક મન ફક્ત તું આપજે.

*30/03/1996*

તું ઉઘડતું એક તાજું પુષ્પ છે,
મેં કવચિત કલ્પેલ એવું રૂપ છે.

આવતું તારું સ્મરણ એવી રીતે,
બેય લોચન બંધ, જિહ્વા ચૂપ છે.

સાથમાં થોડીઘણી પણ જે વીતી,
એ ક્ષણો-સમજો, અમીમય કૂપ છે.

આ વિરહ ને આ મિલન તો ઠીક છે,
એક સ્થળમાં ચાંદની ને ધૂપ છે.

લાગણીને લાખ છે મારાં નમન,
આમ તો 'ઇર્શાદ' ભુપનો ભૂપ છે.

*21/07/1997*

ક્ષણ ક્ષણથી બનનાર સદી છે,
વાટેઘાટે એ જ નદી છે.

પાંખ વગર આકાશે પ્હોંચે,
માણસની બસ આ જ બદી છે.

રાતોના સન્નાટા વચ્ચે,
રજનીગંધા કૈંક વહી છે.

સ્વર્ગ નહીં તો શું કરવાનાં?
એની ચિંતા તને કદી છે?

ભાષાને ઇર્શાદ થયું શું?
સ્હેજ સળેખમ ને શરદી છે.

*19/01/1998*

વાવશો તો પણ લણી શકશો ખરા?
આપશે અઢળક, ગણી શકશો ખરા?

જીવતર છે માત્ર આવરદા અહીં,
રસ લઈ બારિક વણી શકશો ખરા?

ક્યાં ગયા વેરાન ઘર કરતા પવન,
એક નાનું ઘર ચણી શકશો ખરા?

હુંય રસ્તા પર ઊડેલી ધૂળ છું,
આપ એને અવગણી શકશો ખરા?

છે વિનયવશ આપનો 'ઇર્શાદ' પણ,
એ ધ્રૂજે તો ધણધણી શકશો ખરા?

*01/10/1999*

ધબકવાની ક્ષણ છે, જરા શાંત થા,
ઊઘડવાની ક્ષણ છે, જરા શાંત થા.

બધાંથી થશે પર, જગત આપણું,
નીકળવાની ક્ષણ છે, જરા શાંત થા.

નજર જ્યાં પડે ત્યાં ફક્ત રણ હતું,
પલળવાની ક્ષણ છે, જરા શાંત થા.

શિખરથી તળેટી તરફ જોઈ લે,
ઊતરવાની ક્ષણ છે, જરા શાંત થા.

ઘણો થાક 'ઇર્શાદ' લાગે હવે,
ઉખડવાની ક્ષણ છે, જરા શાંત થા.

*04/03/2001*